# એકમ-11 વિશ્વ વેપાર સંગઠન અને ભારત

-: રૂપરેખા :-

**11.1** પ્રસ્તાવના

**11.2** વૈશ્વિકરણની નીતિનો પ્રભાવ

**11.3** પ્રવેશ અને સભ્યપદ માટેની પ્રક્રિયા

**11.4** સભ્ય સંખ્યા અને નિરીક્ષકો

**11.5** કરારો

**11.6** વેપાર વ્યવસ્થાના સિદ્ધાંતો

**11.7** કાર્યો

**11.8** W.T.O ધ્યેયો :

**11.9** W.T.O અને ભારત

- સમીક્ષા
- સંદર્ભ વાચન

## 11.1 પ્રસ્તાવના

વિશ્વ વેપાર સંગઠન (World Trade Organization - W.T.O)એ આંતરરાષ્ટ્રીય મૂડી વેપાર પર દેખરેખ રાખવા અને તેના ઉદારીકરણ માટે તેના સ્થાપકો દ્વારા રચવામાં આવેલું આંતરરાષ્ટ્રીય સંગઠન છે. આ સંગઠનની સત્તાવાર શરૂઆત 1 જાન્યુઆરી 1995ના રોજ મરાકેશ સમજૂતી હેઠળ 1947માં શરૂ થયેલા 'General Agreement on Tariffs and Trade' GATTનું સ્થાન મેળવીને થઈ હતી. ભારત 30-12-1994ના રોજ W.T.O કરાર પર સહી કરી અનુમોદન આપી તેનું સ્થાપક સભ્ય બન્યું છે. 1984માં ભારત સહિત દુનિયાના 23 દેશોની જિનિવા મુકામે ગેટની શરૂઆત કરી હતી. મહા મંદી અને બીજા વિશ્વયુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય વેપારમાં જે મુશ્કેલીઓ સર્જાઈ હતી તેને નિવારવાનો ઉદ્દેશ હતો.

W.T.O સભ્ય રાષ્ટ્રો વચ્ચે વેપારનું નિયમન કરે છે. તે વેપાર કરાર માટે મંત્રણા તેમજ મુસદ્દા માટે માળખું પૂરું પાડે છે. W.T.O સમજૂતીનું પાલન કરતાં સભ્ય રાષ્ટ્રોને વિવાદની પતાવટ પ્રક્રિયા પૂરી પાડે છે. વિશ્વવેપાર સંગઠન સમજૂતી પર સભ્ય રાષ્ટ્રોની સરકારના પ્રતિનિધિઓ દ્વારા હસ્તાક્ષર થયેલા હોય છે અને જે તે સભ્ય રાષ્ટ્રની સંસદ દ્વારા તેમને મંજૂરી મળેલી હોય છે. W.T.O મોટે ભાગે આગળની વેપાર મંત્રણામાંથી ઊભા થયેલા મુદ્દા પર કામ કરે છે. ખાસ કરીને ઉરુગ્વે મંત્રણાથી (1986-1994) ઊભા થયેલા મુદ્દા પર સંગઠન અત્યારે દોહા ડેવલપમેન્ટ એજન્ડા (દોહા મંત્રણા)ને સફળ બનાવવા પ્રયાસ કરી રહ્યું છે. વિશ્વની મોટા ભાગની વસ્તીનું પ્રતિનિધિત્વ કરતાં ગરીબ દેશોની ભાગીદારી વધારવાના ઉદ્દેશ સાથે દોહા મંત્રણાની 2001માં શરૂઆત થઈ હતી. જો કે ખેડૂતોને આયાતમાં ધરખમ વૃદ્ધિ સામે રક્ષણ આપવા માટે વિશેષ રક્ષણાત્મક પગલા મુદ્દે જથ્થાબંધ કૃષિ કોમોડિટી નિકાસકારો અને સબસિડી પર નભતા હોય તેવા મોટી સંખ્યામાં ખેડૂતો ધરાવતા દેશો વચ્ચે અસંમતિ સર્જાતા તે મંત્રણા પડી ભાંગી હતી. હાલના તબક્કે

પણ દોહા મંત્રણાનું ભાવિ અનિશ્ચિત છે.

વિશ્વ વેપાર સંગઠન કુલ વિશ્વ વેપારના 98% થી વધુનું પ્રતિનિધિત્વ કરતાં 164 સભ્ય રાષ્ટ્રો અને 30 નિરિક્ષકો ધરાવે છે. W.T.Oનું મંત્રી પરિષદ, એક જનરલ કાઉન્સિલ અને એક ડિરેક્ટર જનરલ દ્વારા સંચાલન થાય છે. મંત્રી પરિષદ દર બે વર્ષે મળે છે. જનરલ કાઉન્સિલ મંત્રી પરિષદના નીતિ વિષયક નિર્ણયોનું પાલન કરે છે. તેના પર રોજબરોજના વહીવટની જવાબદારી હોય છે. ડિરેક્ટર જનરલની મંત્રી પરિષદ દ્વારા નિયુક્તિ થાય છે. W.T.Oનું મુખ્ય કાર્યાલય સેન્ટર વિલિયમ્સ રેપાર્ડ, જીનીવા અને સ્વિટ્ઝર્લેન્ડ ખાતે આવેલું છે.

## 11.2 વૈશ્વિકરણની નીતિનો પ્રભાવ

ભારત W.T.Oમાં 1995માં જોડાયું તે પછી તેણે વૈશ્વિકીકરણની નીતિઓ અપનાવવા માંડી તેથી ભારતની નિકાસો 1994-95માં 4.1 કરોડ ડૉલર જેટલી વધી હતી. ભારતીય નિકાસો 1995-96માં 5.5 કરોડ ડૉલર અને 1996-97માં 4.1 કરોડ ડૉલર વધી હતી. આમ નિકાસ વધારાનું પ્રમાણ ઘટ્યું હતું. તો પણ નિકાસો 33.1 કરોડ ડૉલરની સપાટી પર પહોંચી હતી. જો કે સમીક્ષકો પણ માને છે કે નવી નીતિઓએ આંતરરાષ્ટ્રીય બજાર પર પરાવલંબન વિકસાવ્યું છે અને ભારતીય અર્થતંત્રની સંપત્તિઓ અને ભાગ્યને તે તરફ ગતિમાન બનાવાયેલ છે.

આર્થિક સર્વેક્ષણ 1994-95માં નકરી વાસ્તવિકતા પર ભાર મૂકવામાં આવ્યો છે કે વિકસીત દેશો ઇચ્છે છે કે "Super Satal Organization" વિશ્વ વ્યાપાર સંગઠનના દબાણ હેઠળ વિકસતા દેશોએ તેમના વ્યાપાર અંકુશો ઘટાડવા જોઈએ. વસ્તુઓના મુક્ત પ્રવાહની છૂટ આપવી જોઈએ. પરંતુ તેઓ પોતે તો વ્યાપાર અંકુશોની દિવાલો ચણી પોતાના હિતો જાળવવા સંરક્ષણલક્ષી નીતિઓને અનુસરવા માંગે છે. તેથી આર્થિક સર્વેક્ષણ ભારપૂર્વક દર્શાવે છે કે ઔદ્યોગિક દેશોમાં બેરોજગારી 1990ના દાયકાથી સૌથી ઊંચી સપાટી પર પહોંચી છે. આ બેરોજગારીએ આ દેશો માટે અનેક સમસ્યાઓ સર્જી છે. કેટલાંક વિકસતા દેશોએ આર્થિક સુધારાઓના ભાગ તરીકે ગણનાપાત્ર પ્રમાણમાં ઉદાર વ્યાપાર અપનાવ્યો છે. તેમ છતાં વિકસિત દિશોએ વિકસતા દેશોના હિતની વસ્તુઓના બજાર-પ્રવેશને ભયમાં મૂકતાં અંકુશોમાં વધારો કર્યો છે.

## 11.3 પ્રવેશ અને સભ્યપદ માટેની પ્રક્રિયા

W.T.Oના સભ્ય બનવા માટેની પ્રક્રિયા પ્રત્યેક અરજદાર રાષ્ટ્ર માટે અલગ છે પ્રવેશની શરતો જે-તે દેશના આર્થિક વિકાસ અને વર્તમાન વેપાર પ્રથાના તબક્કા પર નિર્ભર કરે છે. આ પ્રક્રિયામાં સરેરાશ પાંચ વર્ષ જેટલો સમય લાગે છે. પરંતુ જો દેશ પ્રક્રિયા પ્રત્યે બહુ કટિબદ્ધ ન હોય અથવા કોઈ રાજકીય મુદ્દો ઊભો થાય તો તેમાં વધુ સમય લાગી શકે છે. હિત ધરાવતા પક્ષો વચ્ચે સંમતિ સધાય ત્યાર બાદ જ પ્રવેશની ઓફર આપવામાં આવે છે.

W.T.Oમાં જોડાવા માંગતો દેશ જનરલ કાઉન્સિલને એક અરજી કરે છે અને W.T.O કરારોને અસર કરી શકતી હોય તેવી તેની તમામ વેપાર અને આર્થિક નીતિઓનું વર્ણન કરે છે. એક આવેદનમાં અરજી W.T.Oને રજૂ કરવામાં આવે છે. જેની કાર્યશીલ પક્ષ દ્વારા તપાસ થાય છે. જે W.T.Oના તમામ રસ ધરાવતા સભ્યો માટે ખુલ્લી હોય છે. કાર્યશીલ પક્ષ અરજી કરતાં રાષ્ટ્રના W.T.Oમાં પ્રવેશની શરતો નક્કી કરે છે અને W.T.Oના નિયમોનું પાલન કરવા રાષ્ટ્રોને થોડો સંક્રાંતિકાળ આપવાનું વિચારી શકે છે. પ્રવેશના અંતિમ

તબક્કામાં અરજી કર્તા રાષ્ટ્ર અને કાર્યશીલ પક્ષના અન્ય સભ્યો વચ્ચે ટેરિફ દર પર કન્સેશન અને ખાતરી તેમજ માલસામાન અને સેવા માટે બજાર પ્રવેશ મુદ્દે દ્વિપક્ષીય વાટાઘાટો થાય છે. સામાન્ય સમાનતાના નિયમ હેઠળ નવા સભ્યોની ખાતરીઓ દ્વિપક્ષીય વાટાઘાટો થઈ હોવા છતાં વિશ્વ વેપાર સંગઠનના તમામ સભ્યો માટે સમાન રીતે લાગુ પડે છે.

જ્યારે દ્વિપક્ષીય વાટાઘાટ પૂરી થાય છે ત્યારે કાર્યશીલ પક્ષ જનરલ કાઉન્સિલ અથવા મંત્રી પરિષદને એક પ્રવેશ પેકેજ મોકલે છે. જેમાં કાર્યશીલ પક્ષના તમામ સભ્યોની વિગત, પ્રોટોકૉલ ઑફ એક્સેશન અને નવા બની રહેલાં સભ્યની ખાતરીઓની યાદીનો સમાવેશ થાય છે. જનરલ કાઉન્સિલ અથવા મંત્રી પરિષદની મંજૂરી મળ્યા બાદ અરજીકર્તા રાષ્ટ્રની સંસદે પ્રોટોકૉલ ઑફ એક્સેશનને મંજૂરી આપવી પડે. ત્યાર બાદ અરજીકર્તા રાષ્ટ્ર સભ્ય બની શકે છે.

## 11.4 સભ્ય સંખ્યા અને નિરીક્ષકો :

વર્તમાનમાં 164 દેશો W.T.Oના સભ્યો છે અને વિશ્વનો 98% વેપાર આ દેશો વચ્ચે થાય છે. અનેક બિનસભ્યો વિશ્વ વેપાર સંગઠનની કાર્યવાહીમાં નિરીક્ષકો છે અને અત્યારે તેઓ તેમના સભ્યપદ માટે વાટાઘાટો કરી રહ્યા છે. જો કે નિરીક્ષક તરીકે રહેલાં ઈરાન, ઈરાક અને રશિયા હજુ પણ સભ્ય બની શક્યા નથી. નિરીક્ષકો W.T.Oના નિરીક્ષક બન્યા બાદ પાંચ વર્ષની અંદર પ્રવેશ વાટાઘાટ શરૂ કરી દેવી પડે છે. કેટલાંક આંતરરાષ્ટ્રીય આંતર સરકારી સંગઠનોને પણ W.T.O બોડીના નિરીક્ષક તરીકેનો દરજ્જો આપેલો છે. 14 રાજ્યો અને બે પ્રદેશોએ હજુ સુધી W.T.O સાથે સત્તાવાર મંત્રણા શરૂ કરી નથી.

## 11.5 કરારો

W.T.O 60 જેટલી વિવિધ સમજૂતી પર નજર રાખે છે. જેને આંતરરાષ્ટ્રીય કાનૂની નિયમ તરીકેનો દરજ્જો પણ મળેલો છે. સભ્ય રાષ્ટ્રએ પ્રવેશ સમયે W.T.Oના તમામ કરાર પર હસ્તાક્ષર કરવા પડે છે અને તેને તેમની સંસદમાં મંજૂર કરાવવા પડે છે. કેટલાંક મહત્ત્વના કરારો નીચે મુજબ છે.

1. કૃષિ કરાર - AOA
2. સેવામાં વેપાર અંગે સામાન્ય કરાર - GATS
3. બૌદ્ધિક સંપદા અધિકારના વેપારને લગતી બાબતો અંગેનો કરાર - TRIPS
4. સેનિટરી એન્ડ ફાયટો - સેનિટરી - SPS
5. વેપારમાં તકનિકી અંતરાય અંગેનો કરાર - TBT

## 11.6 વેપાર વ્યવસ્થાના સિદ્ધાંતો

W.T.O વેપાર નીતિઓનું માળખું રચે છે. તે પરિણામ નક્કી કરતું નથી. તે વેપારનીતિ માટે નિયમો ઘડે છે. 1994 પહેલાં GATT અને W.T.O ના પાંચ મહત્ત્વના સિદ્ધાંતો નીચે મુજબના છે.

1. સમાનતા
2. પરસ્પર સમાન વ્યવહાર
3. બંધનકર્તા અને અમલ કરવા યોગ્ય ખાતરીઓ
4. પારદર્શિતા
5. સલામતી

## 11.7 કાર્યો

1. W.T.O કરારોના અમલ, વહીવટ અને સંચાલનની કામગીરી જુએ છે.
2. વાટાઘાટ અને વિવાદની પતાવટ માટે એક મંચ પૂરો પાડે છે.
3. રાષ્ટ્રીય વેપાર નીતિઓની સમીક્ષા કરવી અને તેનું પ્રસારણ કરવું તેમજ વૈશ્વિક આર્થિક નીતિ ઘડતરમાં દેખરેખ મારફતે વેપાર નીતિઓની પારદર્શિતા સુનિશ્ચિત કરવી.
4. વિકાશસીલ, અલ્પ વિકસિત અને ઓછી આવકવાળા રાષ્ટ્રોને W.T.Oના નિયમોને અનુરૂપ થવામાં તકનિકી સહકાર અને તાલીમ મારફતે સહાય કરવી.
5. સંશોધન પ્રવૃત્તિ : સંશોધન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા અંગે યોગ્ય કાયદા ઘડવા અંગે પણ સમજૂતિ સાધવામાં આવી છે. દા.ત., પેટન્ટ, ઔદ્યોગિક ડિઝાઈન, ટ્રેડ માર્ક, કોપીરાઈટ વગેરેનો હક્ક સુરક્ષિત રાખવા તેવું નક્કી કરવામાં આવ્યું છે.

## 11.8 W.T.Oના ધ્યેયો :

1. આંતરરાષ્ટ્રીય વેપાર પરના અવરોધો દૂર કરવા.
2. વિદેશ વેપાર માટે દેશના ઉદ્યોગોને આપવામાં આવતું સંરક્ષણ દૂર કરવું.
3. વૈશ્વિક વ્યાપાર નીતિ અને દેશની આર્થિક નીતિઓ વચ્ચે સંકલન સાધવું.
4. વિશ્વમાં ઉદ્ભવતા વ્યાપારી ઝઘડાઓનું નિરાકરણ લાવવું.
5. સભ્ય દેશોના લોકોના જીવનધોરણમાં સુધારો અને માથાદીઠ આવકમાં વધારો કરીને પૂર્ણ રોજગારી સ્થાપવી.
6. દરેક સભ્ય દેશ તુલનાત્મક લાભના સિદ્ધાંત અનુસાર વસ્તુઓના ઉત્પાદનમાં વિશેષીકરણ અપનાવે. પરિણામે કુલ ઉત્પાદનમાં વધારો થાય. આવક અને રોજગારી વધતાં ગ્રાહકને નીચા ભાવે ચીજવસ્તુઓ ઉપલબ્ધ થાય.
7. આર્થિક વિકાસ સાધવા વિશ્વના દેશોના સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો.
8. બહુલક્ષી વેપાર પદ્ધતિ હેઠળ મોટી સંખ્યામાં દેશોને આવરી લેવા.

## 11.9 W.T.O અને ભારત

કૃત્રિમતા અને વાસ્તવિકતા વચ્ચેના વિરોધાભાસને કારણે એવું બન્યું છે કે ભારતીય સંસદે પેટન્ટ્સ પર મંજૂરીની મહોર મારી નથી. ડિસેમ્બર 31, 1994ના રોજ ઘોષિત ઓર્ડિનન્સ 1994ને મંજૂરી અપાઈ નથી. તેવી જ રીતે 'Trade and Mercandise Marks Act 1958'ને સેવા માર્કાને રક્ષણ આપવાના હેતુથી સુધારવા 1993માં સંસદ સમક્ષ મૂકવામાં આવેલા બિલને હજુ સુધી પસાર કરવામાં આવ્યું નથી.

સરકાર વાસ્તવમાં ઉરુગ્વે રાઉન્ડના અંતિમ સ્વરૂપ અપાયેલા ધારાના પગલે દાખલ કરાયેલા વિવિધ ધારાને મંજૂર કરાવી શકી નથી. તે એવી હકીકતનું સમર્થન કરે છે કે ગેટના વેપાર - લાભનો મોટો ભાગ પોતાના પક્ષે ખેંચી લેવા, વિકસતા દેશોને તેમાંના કેટલાંક ટુકડા ફેંકવા ગેટનો ઉપયોગ કરવા માંગતા દેશોના ઈરાદાઓ પ્રત્યે બહુજન સમાજનો અભિપ્રાય શંકા દર્શાવે છે. ટૂંકમાં વિકસતા દેશોના ઈરાદામાં બહુજન સમાજને શ્રદ્ધા નથી.

W.T.Oની 12મી મંત્રી સ્તરીય બેઠકમાં ભારત વિશ્વના ગરીબ અને વિકાસશીલ

દેશોનો અવાજ બનશે. આ દરમ્યાન કેન્દ્રિય વાણિજય અને ઉદ્યોગમંત્રી પીયુષ ગોયલે કહ્યું કે કોરોના મહામારી દરમ્યાન કેટલાંક વિકસિત દેશો દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકા ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ હતી. જ્યારે ભારતે કોરોના સમયગાળા (Covid-19 Pandemic) દરમ્યાન 150થી વધુ દેશોને વિવિધ સ્તરે દવાઓ અને સહાય પૂરી પાડી હતી. W.T.Oની બેઠકમાં ભારત ગરીબ અને વિકાસશીલ દેશોની મજબૂતીથી તરફેણ કરશે.

W.T.Oની 12મી મંત્રી સ્તરીય બેઠક પહેલાં કેન્દ્રિય મંત્રી પીયુષ ગોયલે કહ્યું હતું કે ભારતનો પક્ષ ખૂબ જ સંવેદનશીલ અને વિશ્વના હિતમાં છે. આજનો ભારત દેશ દરેક પડકારનો સામનો કરવા સક્ષમ છે. આ બહુ કમનસીબીની વાત છે કે જ્યારે દુનિયા કોરોના મહામારીને કારણે લોકોના જીવ પર હતી, ત્યારે દરેકને બચાવવાની વાત થઈ રહી હતી. તે દરમ્યાન ઘણાં દેશોનું વલણ ખૂબ જ શરમજનક હતું.

ગોયલે વધુમાં કહ્યું છે કે ભારત તેના ખેડૂતો અને ખાદ્ય સુરક્ષા માટે તૈયાર છે. તે W.H.Oમાં આ બંને મુદ્દાઓ પર સંઘર્ષ કર્યો છે; જ્યારે મત્સ્યપાલનના મુદ્દે તે ઘણા દેશોના સમૂહ સાથે મળીને પોતાના હિતોને મહત્ત્વ આપશે. ભારત તેના ખેડૂતો અને ખાદ્ય સુરક્ષા માટે આતુર છે. આને ધ્યાનમાં રાખીને ભારત અને દક્ષિણ આફ્રિકા વતી W.TOમાં TRIPSનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

જે ગરીબ અને વિકાસશીલ દેશોને કોરોનાની રસી આપવા સંબંધિત છે. પરંતુ કેટલીક ફાર્મા કંપનીઓ અને વિકસિત દેશો દરખાસ્ત આગળ વધે તે જોવા માંગતા નથી. કેન્દ્રિય મંત્રી ગોયલે કહ્યું કે કોરોના મહામારી પરિસ્થિતિ દરમ્યાન વિશ્વના ગરીબ અને વિકાસશીલ દેશોની રસી અને દવાઓ આપવાના મામલે ભારત W.T.O સાથે મજબૂતીથી વાત કરી હતી.

**ખાદ્ય સુરક્ષા માટે સમર્થન :**

W.T.Oના વડા અને દક્ષિણ આફ્રિકાના વેપાર મંત્રી અબ્રાહમ પટેલ અને યુ.એસ. ટ્રેડ રિ-પ્રેઝન્ટેટિવ સાથે ભારતના કેન્દ્રિય મંત્રીએ ખાદ્ય સુરક્ષા માટે સમર્થન અને ખેડૂતોને આપવામાં આવેલ છૂટ અંગે ચર્ચા કરવામાં આવી હતી. W.T.Oમાં ભારતનો બુલંદ અવાજ જોવા મળશે. કારણ કે આપણે કોઈપણ સ્વાર્થ વગર મહામારી દરમ્યાન દુનિયાની સંભાળ લીધી છે.

---

- **ટીકાઓ :**

---

1. મુક્ત વેપારથી સમૃદ્ધ અને ગરીબ રાષ્ટ્રો વચ્ચેની આવકના સ્તરનો તફાવત ઘટવાના સ્થાને વધે છે. થર્ડ વર્લ્ડ નેટવર્કના ડિરેક્ટર માર્ટિન ખોર દલીલ કરે છે કે W.T.O વૈશ્વિક અર્થતંત્રનું સમાન રીતે સંચાલન કરી શકતું નથી. પરંતુ તેની કામગીરીમાં તે સમૃદ્ધ રાષ્ટ્રો અને બહુરાષ્ટ્રીય કંપનીઓ તરફ વધુ ઢળેલું હોય છે. જેને પરિણામે ઓછી વાટાઘાટ ક્ષમતા ધરાવતાં નાના રાષ્ટ્રોને નુકસાન થાય છે. તેઓ દલીલ કરે છે કે વિકાસશીલ રાષ્ટ્રોને ઉરુગ્વે મંત્રણાના W.T.Oના કરારથી લાભ થયો નથી.
2. W.T.Oમાં નિર્ણય લેવાની પ્રક્રિયા જટીલ, બિન-અસરકારક, પ્રતિનિધિત્વહિન અને બિન-સર્વાંગી છે.
3. કેટલાંક ઉદારવાદીઓ અને નાના સરકારી રૂઢિચુસ્ત તેમજ લડવિગ વૉન મિસેસ જેવા વિચારકો W.T.Oનો વિરોધ કરે છે અને તેને અમલદારશાહી અને મૂડીવાદી વિરોધી સંગઠન ગણાવે છે.

4. W.T.Oમાં કામદાર સંબંધ અને પર્યાવરણ અંગેના મુદ્દાઓની સતત ઉપેક્ષા કરાઈ રહી છે.

5. W.T.O વૈશ્વિકરણને પ્રોત્સાહન આપવામાં અમુક હદ સુધી સફળ થયું છે સાથે સાથે કામદાર હક્કને પણ તેટલું જ નુકસાન થયું છે.

## ● સમીક્ષા

W.T.O કરારના એક ભાગ તરીકે ભારતે કરારની જવાબદારીઓને અનુરૂપ પોતાના કાયદા નિયમનોમાં ફેરફાર કરવાનો છે. ભારતે સૌપ્રથમ તેના પેટન્ટ એક્ટ 1970માં 1લી જાન્યુઆરી, 1995થી શરૂ થતાં પાંચ વર્ષના ગાળામાં સુધારો કરવાનો છે. તદ્ઉપરાંત પેટન્ટ સુરક્ષા તકનિકના જે ક્ષેત્રોમાં અત્યાર સુધી પેટન્ટ સુરક્ષા આપવામાં આવી ન હોય તેવા ક્ષેત્રોને તેવી સવલત આપવા વધારાના સમયની મુદત અપાઈ છે.

ભારતે ફાર્માસ્યુટીકલ્સ અને એગ્રોકેમીકલ્સના ક્ષેત્રો માટે પેદાશ પેટન્ટની જોગવાઈ 1લી જાન્યુઆરી, 1995થી અમલમાં આવે તે રીતે કરવાની હતી. આ માટે અમુક શરતોનું પાલન કરવું પડે છે. સરકારે 31 ડિસેમ્બર 1994ના રોજ એક ઓર્ડિનન્સ બહાર પાડ્યો હતો; પરંતુ એક ઓર્ડિનન્સની જગ્યાએ એક બીલ 10મી લોકસભામાં મૂકાયું. પરંતુ તે પાસ થયું નહીં. કારણ કે લોકસભાનું વિસર્જન થયું હતું. તેવી જ રીતે ટ્રેડ એન્ડ મર્કેન્ડાઈઝડ માર્કસ એક્ટ 1958નો વ્યાપક અવલોકન કરતું બીલ પણ પસાર થયું નથી.

બૌદ્ધિક મિલકતના હક્કોના અમલ માટે વહીવટીય પદ્ધતિને સરળ અને સંગીન બનાવવા કેટલાંક પગલાં ભરવામાં આવ્યા છે. અત્યાર સુધી પ્રકાશિત લગભગ 300 લાખ પેટન્ટ ડોક્યુમેન્ટ્સનો સ્ટોક જમા છે. લગભગ 4 લાખ શોધોને આવરી લેતા લગભગ 10 લાખ ડોક્યુમેન્ટસ પ્રતિ વર્ષ ઉમેરાય છે. સક્ષમ અને અપનાવી શકાય તેવી તકનિકોની વિશ્વની લગભગ 80 ટકા જાણકારી પેટન્ટ ડોક્યુમેન્ટમાં કેદ છે. તેથી જાણકારીને સુલભ બનાવવા 'મોર્ડન પેટન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ' પ્રસ્થાપિત કરવામાં આવી છે. આ વ્યવસ્થાના આધુનિકીકરણનો પ્રોજેક્ટ 1996માં પૂરો થયો હતો.

## ● સંદર્ભ ગ્રંથો


1. W.T.O and Indian Economy. Dr. A. B. Deogirikar
   Shree Niwas Publications, Jaipur.
2. આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સુરત
3. અર્થતંત્ર સંકલન, યોજના, વર્તમાનપત્ર
4. World Trade Report - 2022
5. Annual Report - 2022
6. www.wto.org
7. TV9gujarati.com